શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets

- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ છઠ મંગળવાર ૨૪ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૨૭

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦


# ગુજરાતમાં પેટ્રોલ પંપો પર લાંબી લાઈનો

**અફરાતફરીનો** માહોલ- ’નો સ્ટોક’ના બોર્ડ લાગ્યા

**સપ્લાયમાં** થોડો વિલંબ છે- પુરતો પુરવઠો ઉપલબ્ધ છે : સરકાર

અમદાવાદ : ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને પગલે હવે ગુજરાતમાં તેની અસર જોવા મળી રહી છે. રાજ્યના મોટા શહેરોમાં પેટ્રોલ-ડિઝલ અને ગેસ સિલિન્ડરને લઈ લોકોમાં ભારે ગભરાટ ફેલાયો છે, જેના કારણે આજે અનેક શહેરમાં પેટ્રોલ પંપો અને ગેસ એજન્સીઓ પર ભારે ભીડ જોવા મળી રહી છે. અમદાવાદના તમામ વિસ્તારોમાં પેટ્રોલ પર વાહનોની લાંબી લાઈનો લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

અમદાવાદ, રાજકોટ અને વડોદરા સહિતના શહેરોમાં અનેક પેટ્રોલ પંપો પર ‘નો સ્ટોક’ના બોર્ડ લાગી ગયા છે. સપ્લાયમાં ખોટકાતા કેટલાક પંપો બંધ પણ રાખવા પડ્યા છે. જેના પરિણામે ચાલુ પંપો પર વાહનચાલકોની લાંબી કતારો લાગી રહી છે. ખાસ કરીને અમદાવાદના આશ્રમ રોડ, પ્રહલાદનગર રોડ, પાલડી, વસ્ત્રાપુર, સહિતના તમામ વિસ્તારોમાં આવેલા પેટ્રોલ પંપ પર લાંબી-લાંબી વાહનોની લાઈન જોવા મળી હતી.

શહેરના એસ.જી. હાઈવે, આશ્રમ રોડ અને પાલડી સહિતના વિસ્તારોમાં પણ ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ચાલકો કલાકો સુધી લાઈનમાં ઊભા રહીને પેટ્રોલ ભરાવી રહ્યા છે. જોકો કેટલાક લોકોને કલાકો લાઈનમાં ઉભા રહ્યા પછી પણ પેટ્રોલ મળ્યું નહતુ, પરિણામં કેટલાક લોકો રસ્તામાં પેટ્રોલ ખૂટી જવાથી પોતાના વાહનોને ધક્કા મારીને પંપ સુધી લઈ જવા મજબૂર બન્યા હતા.

પેટ્રોલ ગેસની અફવાને પગલે અગાઉ લોકો 100 થી 300 રૂપિયાનું પેટ્રોલ ભરાવતા હતા, જ્યારે હવે ગભરાટના કારણે મોટાભાગના લોકો ટાંકી ફૂલ કરાવી રહ્યા છે. જેના કારણે પેટ્રોલ પંપ પર પેટ્રોલ ખાલી થઈ જતાં ‘નો સ્ટોક’ના બોર્ડ લાગી ગયા છે. આ ઉપરાંત ઘણા પંપો પર માત્ર પ્રીમિયમ અથવા પાવર પેટ્રોલ જ ઉપલબ્ધ હોવાથી લોકો મોંઘા ઈંધણ માટે પણ લાંબી લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. કેટલાક વિસ્તારોમાં પંપ બંધ

...અનુસંધાન પાના 15 પર

સુરત



(તસવીર : હેમંત ડેરે)

## રાજ્ય પાસે પૂરતો બફર સ્ટોક છે : મોના ખંધાર

ગાંધીનગર : રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલની અછત હોવાની અફવાઓ વચ્ચે ગુજરાત સરકારે સ્પષ્ટતા કરી છે કે રાજ્યમાં ઇંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નાગરિકોએ ગભરાવાની કોઈ જરૂર નથી. રાજ્ય સરકાર, ઈન્ડિયન ઓઈલ કોર્પો. (IOCL) અને પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશન દ્વારા સંયુક્ત નિવેદન આપીને આ ખાતરી આપવામાં આવી છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધારે જણાવ્યું હતું કે રાજ્યના તમામ પેટ્રોલ પંપ પર જરૂરી પ્રમાણમાં પેટ્રોલ અને ડીઝલ ઉપલબ્ધ છે. “નાગરિકોએ પેટ્રોલ પંપ પર લાંબી લાઇનો લગાવવાની કે પેનિક થવાની જરૂર નથી. રાજ્ય પાસે પૂરતો બફર સ્ટોક પણ ઉપલબ્ધ છે,” એમ તેમણે ઉમેર્યું હતું.

# ન્યૂયોર્ક એરપોર્ટ પર પ્લેન અને બંબા વચ્ચે જોરદાર ટક્કર

**બે** પાયલટનાં મોત રનવે પર લેન્ડિંગ વખતે સર્જાયો ભયાનક અકસ્માત; એર કેનેડાના વિમાનનો આગળનો ભાગ કચડાયો

**એરપોર્ટના** અન્ય એક ભાગમાં સર્જાયેલ ઇમરજન્સી માટે આ વાહન દોડી રહ્યું હતું તે સમયે આ અકસ્માત સર્જાયો





ન્યૂયોર્ક, તા. ૨૩: ન્યુયોર્કના લાગાર્ડિયા એરપોર્ટ પર રવિવારે મોડી રાત્રે લેન્ડિંગ કર્યા પછી એર કેનેડાનું એક પ્રાદેશિક જેટ રનવે પર ફાયર ટ્રક સાથે અથડાયું હતું, જેમાં પ્લેનનો આગળનો ભાગ કચડાઈ ગયો હતો.

આ અકસ્માતની તપાસથી વાકેફ એક વ્યક્તિના જણાવ્યા અનુસાર, દુર્ઘટનામાં બે લોકોનાં મોત થયા છે, તેઓ પાયલટ અને કો-પાયલટના હતા. એરલાઇનના

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હી ડાયરી



### જો હું રાજકારણી ન હોત તો એક ઉદ્યોગસાહસિક હોતઃ રાહુલ ગાંધી

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ તાજેતરમાં કહ્યું હતું કે, જો તેઓ રાજકારણમાં ન હોત તો કદાચ એરોસ્પેસ (અવકાશ વિજ્ઞાન) ક્ષેત્રે એક ઉદ્યોગસાહસિક હોત. તેમણે આ વાત કેરળના પ્રવાસ દરમિયાન તિરુવનંતપુરમના ટેક્નોપાર્કમાં એક વાતચીત દરમિયાન કહી હતી.

ગાંધીએ એમ પણ જણાવ્યું હતું કે, તેઓ અનેક ભૂમિકાઓ સરળતાથી નિભાવી શકે છે. જોકે, તેઓ હંમેશાં એક રાજકારણી તરીકે જ ઓળખાયા છે. એવિએશન (ઉડ્ડયન) ક્ષેત્ર સાથે તેમના પરિવારના સંબંધોને યાદ કરતાં તેમણે તેમના સ્વર્ગસ્થ પિતા રાજીવ ગાંધી અને કાકા સંજય ગાંધી પાસેથી પ્રેરણા લીધાની વાત કરી હતી, કારણ કે તે બંને કુશળ પાઇલટ હતા. કેરળના આઈટી દિગ્ગજો સાથેની વાતચીત દરમિયાન તેમણે ટેક્નોલોજી, ઈનોવેશન અને તકો વિશે સંવાદ કર્યો હતો. આ ઉપરાંત, તેમણે એક શાળાના કાર્યક્રમમાં પણ હાજરી આપી હતી, જ્યાં તેમણે ઉત્સુક વિદ્યાર્થીઓ સાથે મુક્ત મને વાતચીત કરી અને તેમના પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

### બિહારના રાજકારણમાં મોટો ઊલટફેર

બિહારના ઈતિહાસમાં ૫ માર્ચનો દિવસ અભૂતપૂર્વ ઘટના માટે યાદ રાખવામાં આવશે. મુખ્યમંત્રી નીતીશ કુમારે રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી, જે રાજ્યના સુકાની તરીકેના તેમના બે દાયકાથી વધુ સમયના

...અનુસંધાન પાના 15 પર

તા. ૨૩-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૬.૦° સે. | ૨૨.૦° સે. | ૨૯% |

# રૂપિયાનું ઐતિહાસિક ધોવાણઃ પ્રથમ વખત 94

**દિવસના** અંતે રૂપિયો 93.53 પર સ્થિર બંધ રહ્યો

**શેરબજારમાં** 1,836 પોઈન્ટનો મોટો કડાકો; વિદેશી રોકાણકારોએ રૂ. 10,414 કરોડના શેર વેચ્યા

મુંબઈ, તા. 23 (પીટીઆઈ): સોમવારે શેરબજારમાં ભારે ઉથલપાથલ વચ્ચે ભારતીય રૂપિયો અમેરિકી ડોલર સામે પ્રથમ વખત 94ની ઐતિહાસિક સપાટી વટાવી ગયો હતો, જોકે દિવસના અંતે તે 93.53 પર સ્થિર બંધ રહ્યો હતો.

ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જમાં રૂપિયો 93.84 પર ખૂલ્યો હતો અને ઈન્ટ્રાડે ટ્રેડિંગ દરમિયાન 94ના સ્તરને પાર કરી ગયો હતો, પરંતુ વૈશ્વિક ક્રૂડના ભાવમાં સુધારાને કારણે પાછળથી રિકવરી જોવા મળી હતી.

નિષ્ણાતોના મતે, પશ્ચિમ એશિયામાં વધતા ભૌગોલિક તણાવ, ઘરેલું શેરબજારમાં કડાકો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) દ્વારા સતત થઈ રહેલી વેચવાલીને કારણે રૂપિયા પર ભારે દબાણ જોવા મળી રહ્યું છે. છ ચલણોના બાસ્કેટ સામે ડોલરની મજબૂતી દર્શાવતો ડોલર ઈન્ડેક્સ 0.14% વધીને 99.78 પર ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડ તેલ વાયદા બજારમાં 1.11% ઘટીને 113.4 ડોલર પ્રતિ બેરલ પર હતું.

ઘરેલું શેરબજારની વાત કરીએ તો, સેન્સેક્સ 1,836.57 પોઈન્ટ ગબડીને 72,696.39 પર અને નિફ્ટી 484.30 પોઈન્ટ ઘટીને 22,630.20 પર બંધ રહ્યો હતો. એક્સચેન્જ ડેટા મુજબ, વિદેશી રોકાણકારોએ સોમવારે કુલ રૂ. 10,414.23 કરોડની

...અનુસંધાન પાના 15 પર

# મહિલા અનામત કાયદો વહેલી તકે અમલી બનાવવાની સરકારની હિલચાલ

**મહિલા** અનામત માટે મોટો પ્લાનઃ લોકસભાની બેઠકો 543થી વધીને 816 થઈ શકે

**2011ની** વસ્તી ગણતરી મુજબ સીમાંકન કરવાની સરકારની તૈયારી; 273 બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે

ન્યૂયોર્ક, તા. ૨૩: ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર મહિલા અનામત અધિનિયમ લાગુ કરવાની તૈયારી કરી રહી છે અને સૂત્રોએ ઈન્ડિયા ટુડે ટીવીને જણાવ્યું છે કે, સરકાર આ નવા કાયદાને 2011ની વસ્તી ગણતરી પર આધારિત રાખવાની યોજના બનાવી રહી છે. પ્રસ્તાવિત માળખા હેઠળ, લોકસભાની કુલ બેઠકોની સંખ્યા 543 થી વધીને 816 થઈ શકે છે, જેમાં 273 બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે. મૂળ કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે અનામત માત્ર નવી વસ્તી ગણતરી અને સીમાંકન પ્રક્રિયા પછી જ અમલમાં આવશે.

જો કે, સૂત્રોએ દાવો કર્યો છે કે સરકાર આ મામલે ઝડપથી આગળ વધવા માટે ઉત્સુક છે અને ચાલુ બજેટ સત્રમાં જ કાયદામાં સુધારો કરવા અને નીચલા ગૃહમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા માટે ખરડો લાવવાનું લક્ષ્ય રાખી રહી છે. બંધારણીય સુધારાને સરળતાથી પસાર કરવા માટે વ્યાપક સમર્થન મેળવવાના પ્રયાસરૂપે વિરોધ પક્ષો સાથે પ્રારંભિક સંપર્ક પણ કરવામાં આવ્યો છે. અધિકારીઓને અપેક્ષા છે કે કેબિનેટની મંજૂરી બાદ આ કાયદો કદાચ આવતા અઠવાડિયે સૌ પ્રથમ રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. 2023માં પસાર થયેલ મહિલા અનામત અધિનિયમ લોકસભા અને રાજ્યની વિધાનસભાઓમાં 33 ટકા અનામતની જોગવાઈ કરે છે, પરંતુ સીમાંકન પ્રક્રિયા બાકી હોવાને કારણે તેનો અમલ હજુ સુધી થયો નથી. જો સરકાર સીમાંકન પહેલા અનામત લાગુ કરવા માટે આગળ વધે છે, તો બીજો બંધારણીય સુધારો કરવો જરૂરી બનશે. સંસદે આ એક્ટની કલમ 5 માં સુધારો કરવો પડશે, જે હાલમાં મહિલા અનામતને કાયદાના પ્રારંભ પછીની પ્રથમ વસ્તી ગણતરી બાદ થનારી સીમાંકન પ્રક્રિયા સાથે જોડે છે. બંધારણીય ફેરફાર તરીકે, કલમ 368(2) હેઠળ બંને ગૃહોમાં કુલ સભ્યોની બહુમતી અને હાજર રહી મતદાન કરનારા ઓછામાં ઓછા બે-તૃતીયાંશ સભ્યોની મંજૂરી અનિવાર્ય છે.

લોકસભામાં 240 અને રાજ્યસભામાં 103 સાંસદો સાથે ભાજપ પાસે વિરોધ પક્ષોના સમર્થન વિના આ સુધારો પસાર કરવા માટે

...અનુસંધાન પાના 15 પર

## ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે લોકસભાની બેઠકો વધારીને ૮૧૬ કરવાનો પ્રસ્તાવ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં હાજર રહેલા વિરોધ પક્ષના એક સાંસદે આજે જણાવ્યું હતું કે, જો 2011ની વસ્તી ગણતરીના આધારે સીમાંકન (delimitation) પ્રક્રિયા હાથ ધરવામાં આવે, તો લોકસભાની બેઠકોની સંખ્યા 543 થી વધારીને 816 કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. આને સંસદની મંજૂરીની જરૂર રહેશે. નામ ન આપવાની શરતે આ સાંસદે જણાવ્યું કે, લોકસભાની વધેલી સંખ્યાના આધારે તેમાંથી 273 બેઠકો મહિલાઓ માટે અનામત રાખી શકાય છે. શાહે સોમવારે સંસદ ભવનમાં BJD, YSRCP, NCP (SP), શિવસેના (UBT) અને AIMIM ના નેતાઓ સાથે મુલાકાત કરી હતી. તેઓ આગામી સમયમાં કોંગ્રેસ, TMC, DMK અને SP ના નેતાઓને મળે તેવી શક્યતા છે. આ બેઠકમાં હાજર રહેલા અન્ય બે પક્ષોના સ્ત્રોતોએ પણ અમિત શાહ દ્વારા આપવામાં આવેલા સૂચનોની પુષ્ટિ કરી છે.

# ઈરાન સાથે મંત્રણાના ટ્રમ્પના નિવેદન પછી અમેરિકા-યુરોપના શેરબજારો ઉછળ્યા

**અમેરિકાના** તમામ ઇન્ડેક્સો ઉછળ્યા, S&P 500 ઈન્ડેક્સ પરના દસમાંથી નવ શેર વધ્યા

**યુરોપના** લગભગ તમામ અગ્રણી શેરબજારોમાં ઉછાળો, જો કે ટ્રમ્પની જાહેરાત પહેલા એશિયન બજારો બંધ થઇ ગયા હોવાથી ત્યાં ઉછાળો જોવા મળ્યો નહીં

**એશિયાના** બજારો આજે ઉછળવાની આશા, ગિફ્ટ નિફ્ટીમાં 900 પોઇન્ટનો ઉછાળો

મુંબઈ, તા. 23: ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે 23 દિવસના યુદ્ધ વચ્ચે, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટી જાહેરાત કરી કે, તેમણે અમેરિકાના સંરક્ષણ વિભાગને ઈરાની પાવર પ્લાન્ટ અને ઉર્જા માળખા પર કોઈપણ લશ્કરી હુમલો પાંચ દિવસ માટે મુલતવી રાખવાનો નિર્દેશ આપ્યો છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકા અને ઈરાન વચ્ચે છેલ્લા બે દિવસમાં અર્થપૂર્ણ ચર્ચા થઈ છે, જે ચાલુ રહેશે. આ અહેવાલની પાછળ વૈશ્વિક બજારોમાં ખૂબજ ઝડપી રીકવરી જોવા મળી હતી. ડાઉ ફ્યુચર 1200 પોઈન્ટ સુધી ઉછળી ગયો છે, જ્યારે ભારતીય બજાર બંધ થયા બાદ આ સમાચાર આવ્યા હોવાથી શેરબજાર પર અસર દેખાઈ ન હતી પણ ગિફ્ટ નિફ્ટીમાં 900 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો છે.

ઈરાન સાથેના તણાવમાં ઘટાડો થવાને પગલે S|P 500 ઈન્ડેક્સ 1.9 ટકા ઉછળ્યો હતો, જે યુદ્ધ શરૂ થયાના ઘણા સમય પહેલા પછીનો તેનો સૌથી સારો દિવસ સાબિત થયો હતો, ભલે ઈરાને કોઈ પણ પ્રકારની મંત્રણા થઈ હોવાનો ઈનકાર કર્યો હોય. છેલ્લા કેટલાક અઠવાડિયાની આ ઉથલપાથલ ગયા વર્ષ જેવી જ છે, જો કે એટલી નાટકીય નથી, જ્યારે ટ્રમ્પે લિબરેશન ડે પર તેમના વિશ્વવ્યાપી ટેરિફ દ્વારા વૈશ્વિક અર્થતંત્રને આંચકો આપ્યો હતો. તેમાંથી ઘણા ટેરિફ મૂળ ધમકી કરતા હળવા સાબિત થયા હતા, અને વાટાઘાટોમાં ચાલી રહેલી ખેંચતાણને કારણે બજારમાં ઘણી વખત તીવ્ર વધઘટ જોવા મળી હતી. તેમ છતાં, સોમવારે નાણાકીય બજારોમાં મુખ્ય પ્રતિક્રિયા રાહતની હતી. પૂર્વીય સમય મુજબ સવારે 10:15 વાગ્યા સુધીમાં ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 910 પોઈન્ટ અથવા 2 ટકા ઉપર હતો અને નાસ્ડેક કમ્પોઝિટ 2.2 ટકા વધારે હતો. યુરોપમાં, ટ્રમ્પની જાહેરાત બાદ સ્ટોક ઈન્ડેક્સ તરત જ નુકસાનમાંથી નફામાં આવી ગયા અને ત્યારબાદ તે જ સ્તરે ટકી રહ્યા. ફ્રાન્સનો CAC 40 1.7 ટકા ઉછળ્યો અને જર્મનીનો DAX 2.2 ટકા વધ્યો. વોલ સ્ટ્રીટ પર આ તેજી એટલી વ્યાપક હતી કે S|P 500 ના દર 10 માંથી નવ શેર વધ્યા હતા. તેની સરખામણીમાં એશિયન સ્ટોક ઈન્ડેક્સમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો, કારણ કે ટ્રમ્પની જાહેરાત પહેલા ત્યાં ટ્રેડિંગ પૂરું થઈ ગયું હતું. દક્ષિણ કોરિયાનો કોસ્પી 6.5 ટકા નીચે ગગડ્યો હતો, જાપાનનો નિક્કી 225 3.5 ટકા ઘટ્યો હતો અને હોંગકોંગનો હેંગસેંગ 3.5 ટકા તૂટ્યો હતો.

# ક્રૂડ ઓઈલના ભાવમાં 16%નો મોટો કડાકો

**ટ્રમ્પના** નિર્ણયથી વૈશ્વિક બજારને રાહત બ્રેન્ટ ક્રૂડ ઘટીને બેરલ દીઠ ૧૦૦ ડોલરની નીચે જતું રહ્યું

**જો કે** હજી પણ સપ્લાયની ચિંતાઓ હોવાથી ક્રૂડનો ભાવ બેરલ દીઠ ૧૧૦ ડોલર રહેવાની ગોલ્ડમેનની ચેતવણી

મુંબઇ, તા. 23: ડોનાલ્ડ ટ્રમ્પે પેન્ટાગોનને ઇરાની પાવર પ્લાન્ટ અને ઉર્જા માળખા પર કોઇપણ લશ્કરી હુમલો પાંચ દિવસ માટે મુલતવી રાખવાનો નિર્દેશ આપ્યો છે. અને અમેરિકા તથા ઇરાન વચ્ચે છેલ્લા બે દિવસમાં અર્થપૂર્ણ ચર્ચા થઇ છે, જે ચાલુ રહેશે. આ અહેવાલની પાછળ વૈશ્વિક બજારોમાં ખૂબજ ઝડપી રીકવરી જોવા મળી હતી, તેની પોઝિટિવ અસર ક્રુડમાં પણ જોવા મળી હતી. આ અહેવાલની સાથે જ ક્રુડના ભાવમાં 16 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. અને બ્રેન્ટ ક્રુડ 100 ડોલરની નીચે સરકી ગયો છે.

કાચા તેલની કિંમતોમાં આજે 16 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું કેહવું છે કે, ઇરાનના પાવર પ્લાન્ટ પર હુમલો કરવાનું ટાળ્યું છે, જેની પાછળ કાચા તેલના ભાવોમાં ઝડપી ઘટાડો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રુડ 16 ટકા તૂટીને 92 ડોલર પ્રતિ બેરલના નીચલા સ્તર સુધી પહોંચી ગયો છે. જ્યારે ડબલ્યુટીઆઇ 13 ડોલર એટલે કે 13.5 ટકા ઘટીને 85.28 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયો છે. જોકે પાછળથી થોડીક રીકવરી જોવા મળી હતી. રાત્રે બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૯૮ ડોલર પ્રતિ બેરલ ચાલી રહ્યો હતો. જો કે, ગોલ્ડમેન સાક્સનું માનવું છે કે, હોર્મુઝ સ્ટ્રીટ પર તેલની સપ્લાયને લઇને જોખમ હજુય છે. જેઓએ માર્ચ અને એપ્રિલ માટે બ્રેન્ટ ક્રુડનો ભાવ 110 ડોલર પ્રતિ બેરલ અનુમાન લગાવ્યું છે. આ પહેલા 98 ડોલર પ્રતિ બેરલ અનુમાન લગાવ્યું હતું. જ્યારે ડબલ્યુટીઆઇ માર્ચ માટે 98 ડોલર અને એપ્રિલ માટે 105 ડોલરનું અનુમાન લગાવ્યું છે.